# કલંકિત પ્રધાનો અંગે તાકિદે નિર્ણય કરવા સુપ્રિમની સૂચના

નવી દિલ્હી,તા. ૨૭

એક મહત્વપૂર્ણ અનો સીમાચિન્હરુપી ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે કલંકિત કેબિનેટ પ્રધાનોને દૂર કરવા માટેની માંગ કરીને દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, તે ભ્રષ્ટાચાર અને અપરાધિક આરોપોનો સામનો કરી રહેલા પ્રધાનોને અયોગ્ય ઠેરવવા માટે દિશાનિર્દેશ જારી કરી શકે નહીં. જો કે, દેશની સર્વોચ્ચ અદાલતે વડાપ્રધાન અને મુખ્યમંત્રીઓને અપરાધિક રેકોર્ડ ધરાવનાર લોકોને પોતાની સરકારમાં સામેલ ન કરવાની સલાહ આપી હતી. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે એક જાહેરહિતની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા કહ્યું હતું કે, કોઈપણ નિમણૂંકને ફગાવી શકાય નહીં. કોઈને મંત્રી બનાવવો જોઈએ કે કેમ તે અંગે નિર્ણય કરવાનું કામ વડાપ્રધાનનું છે અને વડાપ્રધાનનો આ વિશેષાધિકાર છે. અમે આ સંદર્ભમાં કોઈ નિર્દેશ જારી કરવાની સ્થિતિમાં નથી. બંધારણ વડાપ્રધાન અને મુખ્યમંત્રીઓમાં પૂર્ણ વિશ્વાસ રાખે છે અને તેમનાથી એવી અપેક્ષા રાખે છે કે, તેઓ જવાબદારીની સાથે અને બંધારણીય વ્યવસ્થા મુજબ આગળ વધે. વર્ષ ૨૦૦૪માં અરજીદાર મનોજ નરુલાએ જાહેરહિતની અરજી દાખલ કરીને તત્કાલિન યુપીએ સરકારના પ્રધાન લાલૂપ્રસાદ યાદવ, મોહમ્મદ



તસ્લીમુદીન, અલી અશરફ અને જયપ્રકાશ યાદવને દૂર કરવાની માંગ કરી હતી. આ અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી પરંતુ અરજીદારની અરજીને કોર્ટે આ મામલાને બંધારણીય બેંચને સોંપી દીધી હતી. કેસની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે, કોઈપણ સાંસદને મંત્રી બનાવવા અંગેનો નિર્ણય વડાપ્રધાનની પાસે હોય છે. ચીફ જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં બંધારણીય બેંચે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર દેશના મોટા દુશ્મન તરીકે છે અને બંધારણની જોગવાઈઓ ધ્યાનમાં લઈને હિલચાલ આગળ વધારવી જોઈએ. ભ્રષ્ટાચાર અને અનૈતિક કૃત્યોમાં સામેલ અને કાયદાઓના ભંગ કરનારને મંત્રી બનાવવા જોઈએ નહીં. નરેન્દ્ર મોદીની સરકારમાં એવા ૧૪ પ્રધાનો છે જેના ઉપર અપરાધિક કેસ થયેલા છે. જેમાં ઉમા ભારતી, નીતિન ગડકરી, ઉપેન્દ્ર કુશવાહ, રાવસાહેબ દાદારાવ, હર્ષવર્ધન, ધર્મેન્દ્રપ્રધાન, જનરલ વીકે સિંહ, જુઅલ ઓરાવ, મેનકા ગાંધી, નરેન્દ્રસિંહ તોમર, પ્રકાશ જાવડેકર, રામવિલાસ પાસવાન અને સંજીવકુમાર આમા સામેલ છે. સુપ્રીમ કોર્ટે અનેક મહત્વપૂર્ણ તારણ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, બંધારણ તમામ વ્યવસ્થા રહેલી છે. કોંગ્રેસે પ્રતિક્રિયા આ સંદર્ભમાં આપી છે. અગાઉ નરેન્દ્ર મોદીએ સંસદની પ્રતિષ્ઠાને જાળવી રાખવાની વાત કરી હતી અને કહ્યું હતું કે, ફોજદારી કેસો ધરાવતા પ્રધાનો સામે કાર્યવાહી કરવામાં આવશે. વચનને પાળવાની દિશામાં મોદીએ તમામ પક્ષોના રાજકીય નેતાઓ સામે રહેલા કેસને ઝડપી બનાવવાની વાત કરી હતી. આ વર્ષની શરૂઆતમાં વર્તમાન સાંસદો અને ધારાસભ્યો સામે કાર્યવાહીને ઝડપી બનાવવા સુપ્રીમ કોર્ટે આરોપો ઘડવાની પ્રક્રિયાને એક વર્ષની અંદર પૂર્ણ કરીને કેસોમાં ટ્રાયલ પૂર્ણ કરવા મહેતલ આપી હતી.

**લો પેનલ દ્વારા નવેસરથી સમીક્ષા કરાતા ચર્ચા**

## મૃત્યુદંડની સજાને નાબુદ કરી દેવાના મુદ્દે ફરી સમીક્ષા શરૂ

### ભારતમાં ૨૦૦૧- ૨૦૧૧ વચ્ચેના ગાળામાં ટ્રાયલ કોર્ટ દ્વારા દર વર્ષે સરેરાશ ૧૩૨ મૃત્યુદંડની સજા ફટકારાઇ

નવી દિલ્હી,તા. ૨૭

દેશમાં મૃત્યુદંડની સજાને નાબુદ કરી દેવાને લઇને વારંવાર કાયદાકીય નિષ્ણાંતોમાં ચર્ચા રહે છે. હવે લો પેનલ દ્વારા મૃત્યુદંડની સજાને નાબુદ કરી શકાય છે કે કેમ તે મામલે ફરી સમીક્ષા હાથ દરી છે. આ મુદ્દે ફરી ધ્યાન આપવાની કવાયત હાથ ધરવામાં આવ્યા બાદ નવા પાસા સપાટી પર આવી શકે છે. લોક કમીશને મૃત્યુદંડની સજા અંગે જાહેર સલાહકાર પેપરો તૈયાર કરીને લોકો સમક્ષ મુકવાની તૈયારી કરી છે. વિસ્તૃત પ્રશ્નો પણ આમાં રાખવામાં આવ્યા છે. આ વર્ષે જાન્યુઆરી બાદથી તેમની દયાની અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદથી સુપ્રીમ કોર્ટે ૧૯ અપરાધીઓની ફાંસીની સજાને કારાવાસમાં ફેરવી નાંખી છે. કેસો પૈકીના



એક કેસમાં સુપ્રીમ કોર્ટે કેટલાક તારણો પણ આપ્યા છે. લો કમીશન માટે કેટલાક સુચન કર્યા બાદ નવેસરથી આમાં ધ્યાન આપવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૦૧થી ૨૦૧૧ વચ્ચેના ગાળામાં ટ્રાયલ કોર્ટે દર વર્ષે સરેરાશ ૧૩૨ અપરાધીઓને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ જ ગાળામાં સુપ્રિમ કોર્ટે દર વર્ષે માત્ર ૩-૪ મૃત્યુ દંડની સજાને સમર્થન આપ્યુ છે. છેલ્લે ભારતમાં બે કુખ્યાત અપરાધીઓને ફાસી આપવામાં આવી હતી. જેમાં મુંબઇમાં ભીષણ ત્રાસવાદી હુમલામાં અપરાધી અજમલ કસાબ અને વર્ષ ૨૦૧૩માં સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરૂને ફાંસી આપવામાં આવી હતી. લો કમીશને લોકોને તેમના અભિપ્રાય આપવા માટે કહ્યું છે. મૃત્યુદંડની સજાને લઇને ફરી એકવાર રાષ્ટ્રીય ચર્ચા ચાલે તેવી શક્યતા છે.

**એસએમએસ મારફતે મોબાઇલ બેંકિંગ**

## ઈન્ટરનેટ વગર મોબાઈલ પર બેંકિંગ સેવા ઉપલબ્ધ કરાવાશે

નવીદિલ્હી, તા.૨૭

મોદી સરકારે મોબાઈલ કંપનીઓને પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના એક હિસ્સાને શેર કરવા માટે કહ્યું છે. ઈન્ટરનેટ વગર પણ મોબાઈલ ઉપર બેંકિંગ સેવા ઉપલબ્ધ થશે. પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના એક હિસ્સાને વહેંચવા માટે મોબાઈલ કંપનીઓને કહેવામાં આવ્યું છે જેના પરિણામ સ્વરુપે લોકોને સેલફોન ઉપર બેઝિક બેંકિંગ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે. સામાન્ય હેન્ડસેટથી ટેક્સ મેસેજ મોકલીને ફંડ ટ્રાન્સફર, બેલેન્સ ઈન્કવાયરી, પીન બદલવા, મિની સ્ટેટમેન્ટ, ચેકબુક રિક્વેસ્ટમેન્ટ જેવા કામ થઈ શકશે. આના



માટે ઈન્ટરનેટ કનેક્શનની જરૂર પડશે નહીં. છેલ્લા બે મહિનામાં ૧૦ ટેલિકોમ કંપનીઓએ સર્વિસ આપવા માટે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે સમજૂતિ કરી છે.

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને સરકારનું સમર્થન મળેલું છે. આ ટેલિકોમ કંપનીઓના યુએસએસડી ચેનલ ઉપર કામ કરશે. આ બાબત સરળ ટેક્સ મેસેજિંગ વ્યવસ્થાના ભાગરુપે છે. આનાથી ક્રેડિટ અને ડેબિટ લેવડ-દેવડ પણ થઈ શકે છે. જો કે, આનાથી હજુ સુધી મૂળભૂત બેંકિંગ સેવાઓ જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ યોજના હેઠળ કામ કરનાર અને ઓછી રકમ ધરાવનાર બિલ પેમેન્ટ અંગે પણ માહિતી મળી શકશે. એનપીસીઆઈના એમડી અને સીઈઓ એનપી હોતાએ કહ્યું છે કે, આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તૈયાર કરવામાં વિલંબ થયો છે. કારણ કે ટેલિકોમ કંપનીઓને એવી દહેશત હતી કે, જો યુએસએસડી ચેનલ બેંકિંગ સર્વિસ માટે તૈયાર થાય છે તો બેંકિંગ ઉદ્યોગને નુકસાન થશે. હવે ઈન્ટરનેટ વગર મોબાઈલ બેંકિંગ સેવા ઉપલબ્ધ કરાવવાને લઈને મોટી કંપનીઓ સંપૂર્ણપણ તૈયાર છે.

## જો આરોપ સાબિત થશે તો નિવૃતિ લઈ લેશે : રાજનાથ

નવીદિલ્હી, તા.૨૭

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે પોતાના પુત્ર પંકજ સિંહને લઈને છેલ્લા એક પખવાડિયાથી ચાલી રહેલી અફવાઓ ઉપર પ્રથમ વખત પોતાની પ્રતિક્રિયા આપી છે. રાજનાથસિંહે કહ્યું છે કે, જે આક્ષેપ મુકવામાં આવી રહ્યા છે તે જો પુરવાર થશે તો તેઓ જાહેર જીવનમાંથી સન્યાસ લઈ લેશે. દરમિયાન એક ટીવી ચેનલે દાવો કર્યો છે કે, આ મામલો સંપૂર્ણરીતે અફવાનો નથી. રાજનાથસિંહના પુત્ર પંકજ સિંહના રાજકીય આચરણ અને બિઝનેસ ડીલને લઈને સરકારની તરફથી પણ વાત કરવામાં આવી છે.

દરમિયાન વડાપ્રધાન કચેરીએ નિવેદન જારી કરીને અફવાઓને ફગાવી દીધી છે અને રાજનાથસિંહનો બચાવ કર્યો છે. પીએમઓ તરફથી જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, અહેવાલ સંપૂર્ણપણે આધારવગરના છે. સરકારને બદનામ કરવાના હેતુસર આક્ષેપ કરવામાં આવ્યા છે. આ પ્રકારની અફવાઓ ફેલાવી રહેલા લોકો દેશને નુકસાન કરી રહ્યા છે. રાજનાથસિંહનું કહેવું છે કે, છેલ્લા ૧૫-૨૦ દિવસથી તેમના અને તેમના પરિવારની સામે અફવાઓ ચાલી રહી



હતી. શરૂઆતમાં એવું લાગ્યું હતું કે, અફવાઓના હાથ-પગ નથી હોતા. સમયની સાથે અફવાઓનો અંત આવી જશે. પરંતુ હવે અફવા વધી રહી છે. છેલ્લા કેટલાક દિવસથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, નરેન્દ્ર મોદીએ અનેક પ્રસંગોએ કેટલાક નેતાઓને તેમના આચરણને લઈને ઠપકો આપ્યો છે. એવી પણ અફવા આવી હતી કે, એક કેન્દ્રીય મંત્રીના નજીકના સંબંધીએ કોઈના પોસ્ટિંગ માટે પૈસા લીધા હતા. મોદીએ આ શખ્સને બોલાવીને ઠપકો આપ્યો હતો અને પૈસા પરત કરવાના આદેશ કર્યા હતા. આ વ્યક્તિ અન્ય કોઈ નહીં બલ્કે પંકજ સિંહ હોવાની બાબતની અફવા આવી હતી. આ પ્રકારની અફવા કોણ ફેલાવી રહ્યા છે તે અંગે પૂછવામાં આવતા રાજનાથસિંહે કહ્યું હતું કે, આ સંદર્ભમાં મિડિયાએ વધુ માહિતી એકત્રિત કરવી જોઈએ. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, રાજનાથસિંહે ભાજપ અને સંઘ નેતૃત્વની સામે પોતાના એક વરિષ્ઠ મંત્રી અને તેમના લોકો ઉપર ખોટી માહિતી ફેલાવવાનો આક્ષેપ મુક્યો હતો.

## શ્રીનિવાસન બોર્ડ પ્રમુખની ચૂંટણી લડવા માટે ઈચ્છુક

નવીદિલ્હી, તા.૨૭

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન નારાયણ સ્વામી શ્રીનિવાસન આ વર્ષે બીસીસીઆઈના પ્રમુખના હોદ્દાની ચૂંટણી પણ લડનાર છે. અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. બોર્ડની રોટેશન પોલિસી મુજબ હાલમાં પૂર્વ ઝોનની ગણતરી થઇ રહી છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ દ્વારા એન. શ્રીનિવાસનની નિમણૂંક કરવામાં આવે તેવી શક્યતા છે. સીએબીના જોઇન્ટ સેક્રેટરી તરીકે ચૂંટાઇ આવેલા સૌરવ ગાંગુલી પણ શ્રીનિવાસનની ટીમમા હોવાનું જાણવા



મળી રહ્યું છે. જસ્ટિસ મુડગલ કમિટિએ મેચ ફિક્સિંગના સંદર્ભમાં તેમના તારણો મામલે સુપ્રીમ કોર્ટમાં તેનો અહેવાલ સુપ્રત કર્યો નથી. શ્રીનિવાસનની નજીક રહેલા સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, બીસીસીઆઈ સપ્ટેમ્બર ૨૦૧૪ના છેલ્લા સપ્તાહમાં યોજાનારી બોર્ડ ચૂંટણી માટે વાર્ષિક સામાન્ય બેઠક બોલાવશે નહીં. મુડગલ કમિટિ આગામી બે દિવસમાં સુપ્રીમ કોર્ટ પાસેથી ૩-૪ સપ્તાહની મહેતલ માંગે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે, ઇંગ્લેન્ડમાં હાલમાં ક્રિકેટ શ્રેણી ચાલી રહી છે. કમિટિના સભ્યોને ઇંગ્લેન્ડથી ભારતીય ક્રિકેટ ટીમ પરત ન ફરે ત્યાં સુધી રાહ જોવી પડશે. એવું જાણવા મળ્યું છે કે, બીસીસીઆઈની ચૂંટણી અને એજીએમ હજુ ૧૫-૨૦ દિવસ સુધી મોકૂફ રાખવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઇંગ્લેન્ડમાં વન ડે શ્રેણી રમી રહી છે. ટેસ્ટ શ્રેણીમાં તેની કારમી હાર થઇ હતી.

**કારણ-એ 'મા' હતી** (પાના નં. ૪ નું ચાલુ)

માતાને થોડી વારે ભાન આવ્યું. તેણે ધીમા અવાજે બાળકને સમજાવવા માંડ્યો. 'બેટા એને મુકી દે. તેને ભાગ આપું. તારા બાપા ગાડી લાવ્યા છે. ચાલ તેમાં બેસાડું... પણ બાળકને તો આ જીવતું રમકડું મળ્યું. એ શાનો મુકે. એણે તો સિંહ બાળને વધારે છાતીએ ચાપ્યું.'

કોણ જાણે કેમ - પણ સિંહણને શાંતિ થઇ હોય તેમ તે નિરાંતે બેસી ગઇ. આનાથી મારા સંતાનને કશો ડર નથી. નુકશાસ નથી તેવું તેને લાગ્યું હશે.... માનવ - માતાએ સિંહણને બેસી ગયેલી જોઇ તો કહ્યું, બેટા જો તેની મા આવી. તેને ભૂખ લાગી છે. ધાવવું છે દવા દે...

બાળક સમજ્યો... લે તારે ધાવવું છે... હું... અને એ તો બચ્ચાને લઇ આગળ વધ્યો. માતાને ફડકો પડ્યો. અરે... આ તો સિંહણની ગોદમાં બચ્ચાને મુકવા જાય છે. પણ ત્યાં સિંહણે થોડો ઘુઘવાટ કર્યો. બચ્ચું ઠેકડો મારી બાળકના હાથમાં કૂદી મા પાસે ગોડી ગયું. બાળક એ ધક્કાથી પડી ગયો. રડવા લાગ્યો. સિંહણ જાણે કશો ડર ન હોય તેમ બચ્ચાને ધવરાવવા માંડી ને માતાને સમય મળ્યો. પોતાના બાળકને છાના પગલે ઉઠાવી પાછી ફરી ગઇ.

સિંહણે જરા અવાજ પણ ન કર્યો. ન હળી ન ચલી માનવ માતા ડરી બાળકને લઇ ઝટપટ નેસ ભેગી થઇ ગઇ. હિંસક સ્વભાવના પ્રાણીએ આટલી ધીરજ રાખી. પોતે સમજું છે તેની ખાત્રી કરાવી.

# ટોઈલેટ નિર્માણ માટે ફંડમાં જંગી વધારો કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી ક્લીન ઈન્ડિયા મિશનને હવે સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ટોઈલેટ નિર્માણ માટે ફંડમાં ભારે વધારો કરવાની દરખાસ્ત મુકી દેવામાં આવી છે. ક્લીન ઈન્ડિયાના મિશનને વેગ મળે તેવા ઘટનાક્રમમાં સરકારે હવે ગ્રામીણ વિસ્તારમાં ઘરમાં ટોઈલેટ નિર્માણ માટે આપવામાં આવેલા ફંડમાં વધારો કરવાની દરખાસ્ત રજૂ કરી દીધી છે. સ્કુલ અને આંગણવાડીમાં વદારે સારી સેનિટેશનની સુવિધા આપવાની કટિબદ્ધતા સરકારે દર્શાવી છે. અન્ય એક હિલચાલમાં કેન્દ્રિય પ્રધાન નિતિન ગડકરીએ ટોઈલેટ નિર્માણ કાર્યક્રમતી નરેગાને અલગ કરવાની પણ જાહેરાત કરી છે. આનાથી તમામ બાબતો વધારે ઝડપથી આગળ વધશે. કેન્દ્રિય પાણી પુરવઠા અને સેનિટેશન માટેના પ્રધાન ગડકરીએ કહ્યું હતું કે અગાઉની સરકાર દ્વારા શરૂ કરવામાં આવી રહેલી સ્કીમ સારી રીતે કામ કરી રહી નથી અથવા તો બંધ હાલતમાં છે. તેમણે કહ્યું હતું કે અમે વ્યક્તિગત ટોઈલેટ નિર્મામ માટે ફાળવવામાંવેલી રકમને ૧૦૦૦૦થી વધારીને ૧૫૦૦૦ કરી રહ્યા છીએ. સ્કુલ ટોઈલેટના નિર્માણ માટે નાણાની રકમ ૩૫૦૦૦થી વધારીને ૫૪૦૦૦લ કરી રહ્યા છીએ. જ્યારે આંગનવાડી ટોઈલેટના નિર્માણમાં રકમ વધારીને ૮૦૦૦ના બદલે ૨૦૦૦૦ કરી રહ્યા છીએ. કોમ્યુનિટી ટોઈલેટ માટે નાણા બે લાખના બદલે છ લાખ કરવામાં આવી રહ્યા છે.

ગ્રામિણ વિસ્તારમાં એક વર્કસોપમાં ભાગ લેતા તેમણે આ અંગેની માહિતી આપી હતી. વર્ષ ૨૦૧૯ સુધી આ મિશનને પૂર્ણ કરવા માટે સરકાર કટિબદ્ધ છે. વિશ્વ બેંક સહિત નાણાંકીય સંસ્થાઓ પાસેથી ત્રણ ચાર નવી ઓફર પણ મળી છે. તેમણે કહ્યું હતું કે અગાઉની સરકારે નરેગા અને ટોઈવલેટ નિર્માણ કાર્યક્રમને સાથે જોડી દેવાનો નિર્ણય કર્યો હતો જેના કારણે ફાયદો થયો ન હતો. જેથી બન્નેને હવે અલગ કરવાનો નિર્ણય કરાયો છે. હવે કામગીરીને ઝડપી કરાશે.

## સ્નેપડીલમાં રતન તાતા દ્વારા જંગી રોકાણ

નવી દિલ્હી,તા. ૨૭

તાતા સન્સના ચેરમેન રતન તાતાએ ઓનલાઈન માર્કેટ પ્લેસ સ્નેપડીલ ડોટ કોમમાં જંગી રોકાણ કર્યું હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, સ્નેપડીલમાં રતન તાતાએ કેટલું રોકાણ કર્યું છે તે અંગે કોઈ માહિતી મળી શકી નથી અને આ રકમ ગુપ્ત રાખવામાં આવી છે. સ્નેપડીલના સહસ્થાપક અને સીઈઓ કૃણાલ બહલે કહ્યું છે કે, રતન તાતાએ કંપનીમાં અંગત મૂડીરોકાણ કર્યું છે પરંતુ મૂડીરોકાણની રકમ ગુપ્ત રાખવામાં આવી છે. બહલનું કહેવું છે કે, માત્ર ચાર વર્ષના ટુંકાગાળામાં ઉલ્લેખનીય સફળતા જોવા મળી છે. તેની શરૂઆત થયા બાદથી સ્નેપડીલે ૪૦૦ મિલિનય ડોલરની જંગી રકમ ઉભી કરી છે. સ્નેપડીલે અમેરિકામાં તેની હાજરીને પણ વધારી છે. ભારતીય ઈ-કોમર્સ માર્કેટમાં તેની હિસ્સેદારી સતત વધી રહી છે. સ્નેપડીલ હાલમાં ૫૦૦ ડાયવર્સ કેટેગરીમાં ૫૦ લાખ પ્રોડક્ટ ધરાવે છે અને ૫૦૦૦૦ સેલર્સ ધરાવે છે. શહેર સ્થિત કંપનીએ ૬૦૦ કરોડ રૂપિયા બે મહિનામાં ઉભા કર્યા હતા.

## લાલજી ટંડનના પુત્રને અંતે લખનૌ પૂર્વની ટિકિટ મળી

પુણે, તા.૨૭

બિહારમાં હાલમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યા બાદ ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણીને લઇને ભાજપે સાવધાનીપૂર્વકની રણનીતિ અપનાવી છે. ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ભાજપના વરિષ્ઠ નેતા લાલજી ટંડનના પુત્ર ગોપાલજી ટંડનને લખનૌ પૂર્વમાંથી ચૂંટણી લડવા માટે ટિકિટ આપવામાં આવી છે. ભાજપ ઉત્તરપ્રદેશમાં તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા તૈયાર નથી. ઉત્તરપ્રદેશમાં હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી અને મોટાભાગની બેઠકો જીતી લીધી હતી. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસનો લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સફાયો થયો હતો. ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણીને લઇને ભાજપ લડાયક છે. ઉત્તરપ્રદેશમાં ચૂંટણી ઉપર નજર રાખી રહેલા ભાજપ પ્રમુખ અમિત શાહ તમામ તૈયારીમાં વ્યસ્ત છે. હજુ સુધી એવી અટકળો હતી કે, કેન્દ્રમાં ભાજપ સરકાર આવ્યા બાદ લાલજી ટંડનને રાજ્યપાલ બનાવવામાં આવશે.

## કોલગેટ : અન્ય કેગ હેવાલમાં મનમોહનસિંહનો પણ ઉલ્લેખ

નવી દિલ્હી,તા. ૨૭

ઓગસ્ટ ૨૦૧૨માં સંસદમાં કેગનો કોલગેટ અહેવાલ રજૂ કરવામાં આવ્યાના એક વર્ષ બાદ ઓડીટરે ફરી એકવાર એક અહેવાલ સાથે રજુ થઈને ખળભળાટ મચાવી દીધો છે. કેગના આ અહેવાલમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ તરફ આંગળી ચીંધવામાં આવી છે. આ ઉપરાંત ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી કોડાના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોલસા ફાળવણીમાં ગેરરીતી સાથે સોદાબાજીનો ઝારખંડની અગાઉની સરકાર ઉપર પણ આક્ષેપ



કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં દાવો કરાયો છે કે, ઘણી ગેરરીતીઓ રહી ગઈ હતી. કેગે સપ્ટેમ્બર ૨૦૧૨માં રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો પરંતુ આ જવાબ મળ્યો નહતો. કેન્દ્ર સરકારે કોડાના ફેરફારને જ મંજુરી આપી નહતી. બલ્કે કેટલાક નવા નામ પણ ઉમેર્યા હતા.

તત્કાલિન વડાપ્રધાન મનમોહનસિંહે એ વખતે કોલસા પ્રધાન તરીકેનો હવાલો સંભાળ્યો હતો. કેગના નવા અહેવાલથી રાજકીય ગરમી વધવાના સંકેત દખાઈ રહ્યા છે. આ અહેવાલમાં કેન્દ્ર અને તત્કાલિન ઝારખંડના મુખ્યમંત્રી કોડા પર આક્ષેપ કરવામાં આવ્યા છે. ઝારખંડમાં કોલસા બ્લોકની ફાળવણી માટે સ્ક્રિનીંગ કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણની યાદી સાથે ચેડા કરવામાં આવ્યા હતા. કેગના અહેવાલમાં દાવો કરાયો હતો કે, ૨૦૦૭માં કોલસા મંત્રાલય જે તત્કાલિન વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વ હેઠળ આવતું હતું તે મંત્રાલયે કોડા દ્વારા કરવામાં આવેલા ફેરફારને મંજુરી આપી હતી. સ્ક્રીનિંગ કમિટી દ્વારા આને મંજુરી આપવામાં આવી નહતી.

## એરએશિયાની ૨૬૦૦માં ઇન્ટરનેશનલ ટિકિટ હશે

નવીદિલ્હી, તા.૨૭

ભારતમાં ઓપરેશનની શરૂઆત કર્યા બાદથી સ્થાનિક વિમાની યાત્રીઓને શ્રેણીબદ્ધ રાહતો આપી ચુકેલા એર એશિયા દ્વારા હવે ઈન્ટરનેશનલ ફલાઈટમાં પણ મોટી રાહત આપવાની તૈયારી બતાવી છે. એર એશિયાએ ૨૬૦૦ રૂપિયામાં ઈન્ટરનેશનલ ફલાઈટ ટિકિટની ઓફર કરી છે. ભારતીય વિમાની યાત્રીઓ ૨૬૦૦ રૂપિયામાં ક્વાલાલમ્પુર અને મલેશિયા જઈ શકે છે. કોચીનથી ક્વાલાલમ્પુર અને મલેશિયા ભાડા ૨૬૦૦ રૂપિયા રહેશે જ્યારે ચેન્નાઈથી બેંગકોકની ટિકિટ ૩૨૦૦ રૂપિયા રહેશે. ચેન્નાઈ-ક્વાલાલમ્પુર ટિકિટ ૪૦૦૦ રૂપિયાની રહેશે. બેંગ્લોર અને ક્વાલામ્પુરની ટિકિટ ૫૦૦૦ રૂપિયાની રહેશે. કોલકાતાથી ક્વાલામ્પુરની ટિકિટ ૪૦૦૦ રૂપિયા રહેશે. આ ઓફર પહેલી માર્ચ ૨૦૧૫ અને ૨૪મી ઓક્ટોબર ૨૦૧૫ વચ્ચે વિમાની યાત્રા કરનાર લોકો માટે લાગૂ પડશે. બુકિંગ ૩૧મી ઓગસ્ટ ૨૦૧૪ સુધી સ્વીકારવામાં આવશે.

## સમાચાર ઝલક

- રાજસ્થાનમાં ૩ કલાકનો વીજળી કાપ.
- ભારત-પાકિસ્તાનને તાત્કાલિક મંત્રણા કરવા સંયુકત રાષ્ટ્રસંઘનું સુચન.
- વલસાડમાં સાંઈબાબાની મૂર્તિ મંદિરમાંથી હટાવતાં રોષ.
- ૩ વર્ષથી નાના ભૂલકાંને શિક્ષણ માટે ફરજ ન પડાય તે મતલબની કોર્ટમાં પીટીશન.
- મુંબઈ ગુરુકુળના ૩ છાત્રો ગુમ થયા હતા તેમની લાશ મળી.
- કલકત્તામાં વેલ્ડીંગ કરતાં ૩ મહિલાનાં મોત.
- લાહોરમાં હિંસામાં ૧૧નાં મોત.
- લાલુપ્રસાદ યાદવ પર વાલ્વ બદલવાની સર્જરી થશે.
- અમેરિકામાં વાવાઝોડાથી ભારે નુકશાન.
- અવકાશમાંથી રોબર્ટ દ્વારા સંદેશાની આપ-લે કરાઈ.
- જન ધન યોજના હેઠળ ૧ કરોડ બેંક ખાતાઓ આજે ખુલશે.
- છીંદવાડામાં પથ્થર મારાના મેળામાં ૫૦૦થી વધુ ઈજા થઈ.
- અમદાવાદની કંપનીએ બેંક સાથે ૪૩૬ કરોડનું કૌભાંડ આચર્યું.
- ગાયક મુકેશની પુણ્યતિથિ નિમિત્તે ચાહકોએ શ્રધ્ધાંજલિ અર્પીને ઉજવી.
- અલ્હાબાદમાં રહસ્યમય બિમારીથી ૮ બાળકોનાં મૃત્યુ.